




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-14 ■ તા. 01-04-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### અમદાવાદમાં એક જ દિવસમાં ૧૮ લોકો જ્યારે રાજ્યભરમાં ૭૭ લોકો ગરમીને કારણે બેભાન

# રાજ્યમાં ગરમીનો પ્રકોપ : તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર

## આજથી મહત્તમ તાપમાનમાં નજીવો ઘટાડો થાય તેવી શક્યતા,પેટ,છાતીમાં દુખાવાના અને ચક્કર આવતા પડી જવાના કિસ્સાઓ સામે આવ્યા

ગાંધીનગર,

ઉત્તર પશ્ચિમી સૂકા ગરમ પવનની અસર હેઠળ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટતા તાપમાનમાં વધારો થયો છે. જેના પગલે શનિવારે પણ હિટવેવ ચાલુ રહેવાની આગાહી છે. રાજ્યભરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધારે રહ્યો છે. અમદાવાદ શહેરમાં આજે ૪૧.૪ ડિગ્રી તાપમાન રહેતા લોકો ગરમીથી તોબા પોકારી ગયા હતા. સમગ્ર રાજ્યમાં ૩૦ માર્ચના રોજ ઈમરજન્સી સેવા ૧૦૮માં ગરમીને લગતા કુલ ૪૧૪ કેસો નોંધાયા હતા. જેમાં અમદાવાદ શહેરમાં ૧૦૦ જેટલા કેસ સામે આવ્યા હતા. અમદાવાદમાં એક જ દિવસમાં ૧૮ લોકો જ્યારે રાજ્યભરમાં ૭૭ લોકો ગરમીને કારણે બેભાન થઈ ગયા હતા. ગરમીનો પારો ઓછો ન થાય ત્યાં સુધી લોકોએ બપોરના સમયે કામ વિના નીકળવાનું પણ ટાળવું જોઈએ. હાલમાં આ આકરી ગરમી એ બિમારીને નોંતરી રહી છે. રાત્રે ઠંડું વાતાવરણ અને દિવસે ગરમીને પગલે ઝાડા-ઉલટી, તાવના કેસો વધી શકે છે.

અમદાવાદમાં ગરમીના કારણે ૨૪ લોકોને પેટમાં અસહ્ય દુખાવાની, ૧૩ વ્યક્તિને છાતીમાં દુખાવાની, ૧૪ લોકોને ચક્કર આવતા પડી જવાના કિસ્સા સામે આવ્યા હતા. રવિવારથી મહત્તમ તાપમાનમાં નજીવો ઘટાડો થવાની



જ્યારે લઘુતમ તાપમાનમાં સતત વધારો થવાની સાથે ગરમીનું પ્રમાણ વધવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં સૌથી વધુ ગરમી ૪૨.૪ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર ઉપરાંત ૪૨ ડિગ્રી સાથે ઈડર અને રાજકોટ, ૪૧.૯ ડિગ્રી સાથે ડીસા, ૪૧.૮ ડિગ્રી સાથે અમરેલી અને ૪૧.૫ ડિગ્રી સાથે ગાંધીનગર ખાતે વધુ ગરમી નોંધાઈ હતી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૩.૮ ડિગ્રી વધીને ૪૧.૪ ડિગ્રી તેમજ લઘુતમ તાપમાન સામાન્ય કરતા ૧.૨ ડિગ્રી ઘટીને ૨૨.૬ ડિગ્રી નોંધાયું છે. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૪૩ ટકા અને સાંજે ફક્ત ૧૩ ટકા જ નોંધાતા લોકોને મોડી સાંજ સુધી ગરમીનો અહેસાસ થયો હતો.

શહેરમાં છેલ્લા અઠવાડીયામાં ગરમીનો પારો સતત ઉંચકાયો છે તો ગરમીની અસર હેઠળ લોકો બીમાર પડવાના કેસો પણ સતત વધ્યા છે. અમદાવાદ શહેરની વાત કરીએ તો ૨૪ તારીખે ગરમી ઈફેક્ટેડ ઈમરજન્સી કેસ ૧૩૪ મળ્યા જે ૨૫ માર્ચે ૧૩૫, ૨૬ માર્ચે ૧૬૧, ૨૭ માર્ચે ૧૫૦, ૨૮ માર્ચે ૧૭૪ કેસો નોધાયા છે.. તો ૨૯ અને ૩૦ના રોજ પણ આ સંખ્યામાં વિશેષ ઘટાડો નોધાયો નથી. તેથી ૨૪ માર્ચથી શરુ થયેલી ગરમીમા ઈમરજન્સી કેસ ૨૮ તારીખે ૩૦ ટકા વધ્યા છે.. તો રાજ્યભરમાં ૨૪ થી ૨૯ માર્ચ સુધીમાં ગરમી ઈફેક્ટેડ ૪ હજાર જેટલા કેસો નોધાયા છે.. પરીણામે કોર્પોરેશનુ હેલ્થ વિભાગ પણ સક્રીય થઈ ગયુ છે.

રવિવારથી મહત્તમ તાપમાનમાં નજીવો ઘટાડો થવાની જ્યારે લઘુતમ તાપમાનમાં સતત વધારો થવાની સાથે ગરમીનું પ્રમાણ વધવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં સૌથી વધુ ગરમી ૪૨.૪ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર ઉપરાંત ૪૨ ડિગ્રી સાથે ઈડર અને રાજકોટ, ૪૧.૯ ડિગ્રી સાથે ડીસા, ૪૧.૮ ડિગ્રી સાથે અમરેલી અને ૪૧.૫ ડિગ્રી સાથે ગાંધીનગર ખાતે વધુ ગરમી નોંધાઈ હતી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૩.૮ ડિગ્રી વધીને ૪૧.૪ ડિગ્રી તેમજ લઘુતમ તાપમાન સામાન્ય કરતા ૧.૨ ડિગ્રી ઘટીને ૨૨.૬ ડિગ્રી નોંધાયું છે.

ગરમીના પ્રકોપને જોતા કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં પણ સાવચેતીના પગલા લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. જેમાં બે હજાર જેટલા પ્રાણીઓને લૂ ના લાગે તે માટે ગ્રીનનેટ, કુલર અને સતત પાણીના છંટકાવની કામગીરી દ્વારા તાપમાન ઘટાડવાની કવાયત હાથ ધરાઈ છે.

આ અંગે ઝૂના અધિકારીઓએ જણાવ્યા મુજબ આ વખતે ગ્રીન નેટની સંખ્યા વધારા છે. જેના કારણે ૭ ડિગ્રી સુધીનું તાપમાન ઘટાડી શકાય છે. વાઘ, સિંહ, દીપડાના પાંજરા તેમજ સર્પગૃહમાં મળીને કુલ ૨૫ કુલર્સ પણ મૂકવામાં આવ્યા છે. હાલમાં પાણીના હોઝ ભરી રાખવા, સતત નિરિક્ષણ રાખવું, પશુ-પક્ષીઓની ડૉક્ટરી તપાસ કરાવતા રહેવા જેવા તકેદારીના પગલા આરંભી દેવાયા છે.



હનુમાન જ્યંતિના પ્રસંગે શહેરના કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં હનુમાનજીના અન્નકુટ દર્શન આયોજન કરાયું હતું. આ પ્રસંગે શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

### ડભોડિયા મંદિરમાં ૧૧૧૧ તેલના ડબાનો અભિષેક

# શહેર સહિત રાજયમાં હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી કરાઈ

## સાળંગપુર કષ્ટભંજન, લોદરાના હનુમાન, કેમ્પ સહિતના દાદાના મંદિરોમાં ભવ્યાતિભવ્ય જન્મોત્સવ ઉજવણી થઈ

અમદાવાદ,

ચૈત્રી સુદ પૂનમ, હનુમાન જયંતિ અને શનિવારના આજના અનોખા ત્રિવેણી સંગમના સુંદર યોગમાં વર્ષો પછી આજે આવેલી હનુમાનજયંતિની શહેર સહિત રાજયભરના હનુમાનજી મંદિરોમાં ભારે ભકિતભાવ અને ધાર્મિક આસ્થા સાથે ઉજવણી કરાઇ હતી. આજે હનુમાનજયંતિને લઇ સાળંગપુર કષ્ટભંજન દેવસ્થાન, ગાંધીનગરના સુપ્રસિધ્ધ ડભોડિયા હનુમાનજી, શાહીબાગના કેમ્પ હનુમાનજી, એસજી હાઈવે પરના મારૂતિ ધામ, ખાડિયાના બાલા હનુમાન, રખિયાલના નાગરવેલ હનુમાનજી મંદિર, મેમનગરના ભીડભંજન હનુમાનજી, થલતેજના પંચમુખી હનુમાનજી મંદિર, મેમનગર ગામના પંચમુખી હનુમાનજી મંદિર, સોલા રોડ ખાતેના કાંકરિયા હનુમાનજી, લોદરા ખાતેના સુપ્રસિધ્ધ હનુમાનજી મંદિર સહિતના દાદાના મંદિરોમાં હનુમાનજી દાદાના જન્મોત્સવની ભવ્યાતિભવ્ય અને ધામધમૂપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. હનુમાનજી મંદિરોમાં આજે હનુમાનજી દાદાને સુંદર કેક, લાડુ, છપ્પનભોગ સહિતનો પ્રસાદ ધરાવાયો હતો. તો સાથે સાથે દાદાના હોમ, હવન, યજ્ઞ, સુંદરકાંડના પાઠ અને મહાઆરતીને લઇ શ્રધ્ધાળુ ભકતોમાં દાદાની ભકિતનો માહોલ છવાયો હતો. સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિર, ગાંધીનગર જિલ્લાના ડભોડિયા હનુમાનજી મંદિર, લોદરાના સુપ્રસિધ્ધ હનુમાનજી સહિતના મંદિરોમાં આજે લાખો શ્રધ્ધાળુ ભકતો ઉમટયા હતા. દાદાના મંદિરોમાં આજે ભકતોએ દાદાના દર્શન માટે અને તેમનો જન્મદિવસની શુભેચ્છા પાઠવવા રીતસરની પડાપડી કરી હતી. સાળંગપુર કષ્ટભંજન દેવને આજે સાડા પાંચ લાખ રૂપિયાની કિંમતનો સોનાનો મુગટ, સોનાની ગદા અને હાર સહિતના આભૂષણો ચઢાવાયા હતા. તો, દાદાનો ભવ્ય સાજ-શણગાર કરવામાં આવ્યો હતો. હનુમાનજયંતિને લઇ આજે દાદાનો વિશેષ અભિષેક કરાયો હતો. આજે સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિર ખાતે દાદાના લાખો ભકતો દર્શનાર્થે ઉમટયા હતા. આજે સવારે દાદાની મંગળાઆરતી, ત્યારબાદ સમૂહયજ્ઞ, છપ્પન ભોગનો અન્નકુટ, પ્રસાદ સહિતના આયોજન કરાયા હતા તો, ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે આજે દાદાને ૧૧૧૧ તેલના ડબાનો ભવ્ય અભિષેક, ૧૫૧ કિલોની કેકના પ્રસાદ અને ૧૦૮ દિવાઓની મહાઆરતી સહિતના કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરાયું હતું. આ વખતે હનુમાનજયંતી વર્ષો પછી શનિવારના દિવસે આવતી હોઇ દાદાના ભકતોમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. શહેરના શાહીબાગ કેમ્પ હનુમાનજી મંદિર ખાતે હનુમાનજયંતીના દિવસે આજે દાદાના ભવ્ય જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આજના પ્રસંગે કેમ્પ હનુમાનજી દાદાને ૪૫૦ કિલો લાડુનો મહાપ્રસાદ ધરાવાયો હતો. ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે સુપ્રસિધ્ધ ડભોડિયા હનુમાનજી મંદિરના પૂજારી રાજેશ પ્રવીણચંદ્ર મહેતા, શેખર જોષી(મહારાજ), ટ્રસ્ટી શકરાજી મંગાજી સોલંકી, રાજુભાઇ ગજ્જર સહિતના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાનજયંતિ મહોત્વસ ભારે ધામધૂમપૂર્વક અને ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો હતો. જેમાં સવારે ૫.૦૦ વાગ્યે દાદાની આરતી, ત્યારબાદ મારૂતિ યજ્ઞ, એ પછી દાદાને ૧૧૧૧ તેલના ડબાનો અભિષેક, સવારે ૯.૦૦ વાગ્યાથી બેન્ડવાજા સાથે ડભોડિયા હનુમાનજી દાદાની શોભાયાત્રા, ૧૧-૪૫ વાગ્યે દાદાની ધજારોહણ અને બપોરે ૧૨.૦૦ વાગ્યે દાદાની મહાઆરતી અને ત્યારબાદ ૧૫૧ કિલોની કેક દાદાને પ્રસાદરૂપે અર્પણ કરાઇ હતી. આ જ પ્રકારે લોદરા સ્થિત ચમત્કારિક હનુમાનજી દાદાના મંદિરે પણ વિશેષ આરતી, પ્રસાદ અને પૂજા-યજ્ઞનું આયોજન કરાયું હતું. મેમનગરના સુભાષચોક ખાતે પણ ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે ખાસ મારૂતિ યજ્ઞ અને રાત્રે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે અમદાવાદ શહેર સહિત રાજયભરના હનુમાનજી મંદિરોમાં હનુમાનજયંતિને લઇ તેલ-સિંદૂરના ચોળો, અભિષેક, મહાઆરતી, પ્રસાદ, અન્નકુટ ભોગની સાથે સાથે સુંદરકાંડ, રામપારાયણ, રામધૂન સહિતના ધાર્મિક કાર્યક્રમોનું પણ ભવ્ય આયોજન કરાયું હતુ. દાદાના ભકતોએ હનુમાનજયંતિના આજના દિને દાદાની આકરી પૂજા-તપશ્ચર્યા કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. મોડી રાત સુધી શહેર સહિત રાજયભરના મંદિરો દાદાના દર્શન માટે ઉમટેલા શ્રધ્ધાળુ ભકતોની ચહલપહલથી ધમધમતા રહ્યા હતા., મોડી રાત સુધી ભકતોએ દાદાના દર્શન માટે પડાપડી કરી હતી.

### તાલીમાર્થીઓને કારકીર્દી બનાવવાની તક મળશે

# એસટી : વિવિધ વિભાગોમાં ૨૮૨૮ એપ્રેન્ટિસ ભરતી થશે

## આઈટીઆઈ પાસેથી યાદી મંગાવી નિયમોનુસાર પ્રક્રિયા કરાશે : એપ્રેન્ટિસોની એપ્રિલ-ઓક્ટોબરમાં પસંદગી થશે

અમદાવાદ,

રાજયના યુવાનોને તેમની શૈક્ષણિક લાયકાત અને આવડત પ્રમાણે રોજગારી ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જેના ભાગરૂપે ગુજરાત એસ.ટી નિગમમાં વાહનોની મરામતની કામગીરી માટે વિવિધ વિભાગોમાં ૨૮૨૮ જેટલાં જુદા જુદા મિકેનીક ટ્રેડના ઉમેદવારોની તાલીમાર્થી એપ્રેન્ટિસ તરીકે ભરતી કરવામાં આવશે. જેનાથી તાલીમાર્થીઓને કારકીર્દી બનાવવાની ઉજ્જવળ તકો પ્રાપ્ત થશે. ગુજરાત એસટી નિગમના વાહનોના રોજિંદા મેઈન્ટેનન્સની તેમજ વાહનોના રીપેરીંગ અને મરામતની કામગીરી માટે જુદા-જુદા મીકેનીક ટ્રેડના ઉમેદવારોને તાલીમાર્થી એપ્રેન્ટિસ તરીકે તેમજ નિગમે નક્કી કરેલી ટેકનોલોજી જેવીકે, જીપીએસ, ઓનલાઈન બેકિંગ, આઈડીએમએસ, કોમ્પ્યુટરાઈઝડ કામગીરીને ધ્યાને લેતાં કેટલાંક વહીવટી ટ્રેડ જેવાકે, હિસાબી શાખા, આંકડા શાખા, ઈડીપી શાખામાં પણ તાલીમ આપી શકાય તેમ હોઈ, રાજ્ય સરકાર દ્વારા નિગમને મહેકમના ૧૦ ટકા પ્રમાણે જુદા-જુદા ટ્રેડમાં તાલીમાર્થી એપ્રેન્ટિસની ભરતી માટે મંજુરી આપવામાં આવે છે. આ સંદર્ભે નજીકના સમયમાં શક્યત આઈટીઆઈ પાસેથી તાલીમાર્થીઓની યાદી મંગાવી નિયમોનુસારની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જુદી-જુદી લોકલ આઈટીઆઈના સંપર્કમાં રહી નામો મેળવી નિગમના જુદા-જુદા વિભાગો ખાતે વર્ષમાં બે વખત એપ્રિલ અને ઓક્ટોબર માસમાં તાલીમાર્થી એપ્રેન્ટિસોની પસંદગી કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમના જુદા જુદા વિભાગો ખાતે ૧૬ વિભાગીય વર્કશોપ તેમજ ૧૨૫ ડેપોના માધ્યમથી આશરે ૭૦૦૦ હજાર જેટલી બસો અને ૪૦ હજાર જેટલા કર્મચારીઓના માધ્યમથી સંચાલન કરવામાં આવી રહ્યું છે, તેમ એસટી નિગમ અમદાવાદની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

### ભાજપના જ કોર્પોરેટરો કોર્પોરેશનની સામે

# તંત્ર ઉદાસીન : કોર્પોરેટરો બની રહ્યા છે રોષનો ભોગ

## ડોર ટુ ડોર ડમ્પ, રસ્તાઓના સમારકામ, પાણી જેવી સમસ્યા કોર્પોરેટરો માટે બની માથાનો દુખાવો

અમદાવાદ,

અમદાવાદ મહાનગરપાલિકાના શાસક પક્ષના એટલે કે ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેશન તંત્ર દ્વારા કરવામાં આવતી વિકાસની કામગીરીથી નારાજ છે. વોર્ડમાં સુવિધાના કામો બરાબર નહીં થતા હોવાથી કાઉન્સીલરોએ પ્રજાના રોષનો સામનો કરવો પડતો હોય છે. અમદાવાદ કોર્પોરેશનમાં સત્તા પર રહેલ ભારતીય જનતા પાર્ટી વિકાસના દાવા કરે છે પણ હકીકત એ છે કે તેમની જ પાર્ટીના કેટલાક કોર્પોરેટ્સ વિકાસની કામગીરીથી નારાજ છે. ખાસ કરીને રોડ, ડોર ટૂ ડમ્પને લઈ નાગરીકોની ફરીયાદ છે. આ અંગે કેટલાક કોર્પોરેટ્સે સ્ટેન્ડીંગ ચેરમેન અન્ય કમિટીના ચેરમેનોને રજુઆત કરી છતા પરિણામન આવતા રોષ જોવા મળી રહ્યો છે. શિસ્ત ભંગના પગલા લેવાની બીકે કોર્પોરેટર કેમેરા સામે બોલવાનુ ટાળે છે. કોર્પોરેટર્સનુ માનીએ તો છેલ્લા કેટલાક સમયથી કોર્પોરેશનમાં ભ્રષ્ટાચારનુ પ્રમાણ વધી ગયુ છે. પ્રજાના નાણાં વેડફાઈ રહ્યા છે અને શેહરીજનોને યોગ્ય સુવિધા મળતી નથી. ચુંટાયેલા સત્તાધીશો અધિકારીઓને કાંઈ કહી શક્તા નથી. ચુંટાયેલી પાંખ અને વહિવટી પાંખ વચ્ચે કેટલાક સમયથી કોલ્ડવોર ચાલતી આવી છે. હવે જ્યારે મેયર, વિવિધ કમિટીના ચેરમેનની ટર્મ પુરી થવાની તૈયારીમાં છે. ત્યારે કોર્પોરેટર્સ ફરીયાદ પણ ફરીયાદ કરી રહ્યા છે. થોડા દિવસ પહેલા વોર્ડમાં કામ નહીં થવાથી સ્ટેન્ડિંગ કમિટીના એક સભ્ય ચાલુ મિટિંગમાં નારાજ થઈ જતા રહ્યા હતા. તો ચાંદલોડિયાના કોર્પોરેટર કુસુમબહેન જોષી અને ચાંદખેડાના જયંતિ જાદવે રાજીનામાની ચીમકી ઉચ્ચારી છે ત્યારે હવે આગળ શું થાય છે તે જોવુ રહ્યુ.

### પાટણના સરીયદ ગામમાં ચાર વીઘા ઘઉંનો પાક બળીને ખાક

પાટણ,

ખેડૂતો માટે હાલમાં માઠી દશા બેઠી હોય તેવુ લાગી રહ્યુ છે. ઉનાળુ પાકના સિંચાઈ માટે સરકારે પાણી આપવાની ના પાડતા ખેડૂતો પહેલાથી જ બેહાલ થયેલા છે. તો બીજીબાજુ કુદરત પણ ખેડૂતોથી નારાજ હોય તેવુ લાગી રહ્યુ છે. પાટણ જિલ્લાના સરીયદ ગામે ઘઉંના પાકની આશામાં રહેલા ખેડૂતનુ સપનુ રોળાઈ ગયુ હતું. શિયાળુ પાક તૈયાર થયો તેની ખુશી માણતા પહેલા જ ખેડૂતોએ લમણે હાથ મુકીને રોવાનો વારો આવ્યો હતો. સરીયદ ગામના જગદીશભાઈ લશીરામભાઈ જોશીના ચાર વીઘાના ઘઉંના ખેતરમાં અચાનક આગ લાગતા સમગ્ર પાક બળીને ખાક થઈ ગયો હતો. આજે બપોરના સમયે ખેતરમાં અચાનક આગ લાગતા ઘઉંનો તૈયાર પાક બળીને ખાક થઈ ગયો હતો.

૨૦૧૮-૧૯ના બજેટની જોગવાઈનો ૧ એપ્રિલથી અમલ થતાં કરપાત્ર આવકો ઉપરની સેસ ૩ને બદલે ૪ થઈ જશે

# આજથી આમ જનતા પર આર્થિક ભારણ વધશે, મધ્યમ વર્ગનો વિશેષ 'મરો'

ન્યુ દિલ્હી,

આજે તા. ૧ એપ્રિલથી દેશભરમાં મધ્યમ વર્ગનો વિશેષ 'મરો' થશે. ૨૦૧૮-૧૯ના સામાન્ય બજેટની જોગવાઈઓ આજે રવિવારથી લાગુ થઈ જશે તે સાથે જ તમામ ટેકસેબલ - કરપાત્ર આવકો ઉપર હાલમાં લેવાઈ રહેલ ૩ ટકા સેસ ૪ ટકા થઈ જશે તે સાથે જ હાલમાં પીસાઈ રહેલા મધ્યમ વર્ગ ઉપર વધુ આર્થિક માર પડશે.

સામાન્ય બજેટના બે મહિના પછી પહેલી એપ્રિલ- રવિવારથી ટેકસના નવા નિયમો લાગુ થઈ રહ્યા છે. વિશેષ કરીને, શેરબજારમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ફરી લાગુ કરવા સહિતની બજેટની દરખાસ્તો રવિવારથી અમલી બની જશે. તમામ ટેકસેબલ ઈક્મ(કરપાત્ર આવક) પર સેસ ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરી દેવાયો છે, જેને કારણે મધ્યમ વર્ગ પર આર્થિક ભારણ વધી જશે. સરકારે બજેટમાં કોર્પોરેટ જગતને રાહત આપવા માટે ૨૫૦ કરોડ રૂપિયા સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરી દીધો છે, જેનો પણ પહેલી એપ્રિલથી અમલ થશે. આથી આવી કંપનીઓને રાહત થશે. મધ્યમ વર્ગને સ્ટાન્ડર્ડ ડિડકશનનો લાભ વધારીને ૪૦,૦૦૦ રૂપિયા કરાયો છે તો બીજી તરફ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ અને મેડિકલ રિઈમ્બર્સમેન્ટ પાછા ખેંચી લેવાયા છે જે પણ રવિવારથી અમલી બની જશે. આવકવેરા મુકિતની મર્યાદામાં કોઈ ફેરફાર કરાયો નથી. માત્ર સિનિયર સિટિઝન માટે વ્યાજની આવક વાર્ષિક ૫૦,૦૦૦ રૂપિયા સુધી આવકવેરા મુકિતનો લાભ મળશે. એ જ રીતે હેલ્થ ઈન્સ્યોરન્સ અને મેડિકલ ખર્ચમાં ડિડકશન ૮૦-ડી હેઠળ ૩૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે. .

નાણામંત્રી અરૂણ જેટલીએ પહેલી ફેબ્રુઆરીએ એનડીએ સરકારનું વર્તમાન ટર્મનું છેલ્લું બજેટ રજૂ કર્યું તેમાં ધનવાનો પર ૧૦-૧૫ ટકાનો સરચાર્જ યથાવત્ રાખ્યો છે અને બીજી તરફ તમામ ટેકસેબલ ઈક્મ(કરપાત્ર આવક) પર સેસ ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરી દીધો છે. આ તમામ દરખાસ્તોનો અમલ પણ રવિવારથી થઈ જશે.

૨૦૧૮-૧૯ના બજેટની મહત્ત્વની બાબત એ હતી કે ૧૪ વર્ષના લાંબા ગાળા પછી લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ફરી લાગુ કરાયો છે. એક વર્ષ પછી જે શેર વેચો તેના પર એક લાખ રૂપિયાથી વધુનો જે નફો થાય તેના પર ૧૦ ટકા ન્ઝ્રય લાગુ થશે. મતલબ કે એક લાખ રૂપિયા સુધીનો નફો ઘરભેગો કરી શકાશે. હાલમાં એક વર્ષમાં જ શેર વેચવામાં આવે તો તેના નફા પર ૧૫ ટકા ટેક્સ લાગુ થાય છે અને એક વર્ષ પછી વેચાય તો કોઈ ટેક્સ લાગતો ન હતો. હવે તેમાં ૧૦ ટકા ટેક્સ(વત્તા ચાર ટકા સેસ) લાગુ પડશે.

સીનિયર સિટિઝન માટે ગંભીર બીમારીના કિસ્સામાં ટેક્સ ડિડકશન વધારીને એક લાખ રૂપિયા કરાયું છે. અત્યાર સુધી આ મર્યાદા સીનિયર સિટિઝન માટે ૬૦,૦૦૦ રૂપિયા હતી અને ૮૦ વર્ષથી વધુ વયના સીનિયર સિટિઝન માટે ૮૦,૦૦૦ રૂપિયા હતી

પેટ્રોલનો ભાવ ફરી એકવાર લિટરદીઠ રૂ. ૮૨ને પાર પહોંચી ગયો છે. મંગળવારે મહારાષ્ટ્રના પરભણીમાં પેટ્રોલનો ભાવ લિટરદીઠ રૂ. ૮૨.૪૯નો થઈ ગયો હતો. મુંબઈમાં પેટ્રોલનો ભાવ રૂ. ૮૦.૮૨, ડીઝલનો ભાવ લિટરદીઠ રૂ. ૬૭.૯૧ થઈ ગયો હતો. વૈશ્વિક બજારમાં ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૭૦ ડોલર થયો તેને કારણભૂત માનવામાં આવે છે.







સંકટ સે હનુમાન છુડાવે,મન કર્મ વચન ધ્યાન જો લાવે...શ્રી બાલા હનુમાન મંદિર પીજ ભાગોળ આયોજીત ૭મો પંચકુંડી મારૂતિ મહાયાગ... આજે ચૈત્ર સુદ પુનમ ને તા.૩૧/૩/૨૦૧૮ ના રોજ પીજભાગોળ ના શ્રી બાલાહનુંમાંજી મંદિરે ૭મો પંચકુંડી મારૂતિ મહાયાગ તથા અન્નકુટ દર્શનનું આયોજન રાખવામાં આવ્યુ હતું...આ પ્રસંગે યજ્ઞ પ્રારંભ સવારે ૯-૦૦ કલાકે,ધ્વજા આરોહણ બપોરે ૧૧-૦૦ કલાકે,અન્નકુટ મહા આરતી બપોરે ૧૨-૩૯ કલાકે,યજ્ઞ પુર્ણાહુતિ સાંજે ૫-૩૦ કલાકે,મહાપ્રસાદ(ભંડારો) સાંજે ૭-૦૦ કલાકે., ભજન સંધ્યા રાત્રે ૧૦-૦૦ કલાકે...તેમજ મહાઆરતી દર્શન રાત્રે ૧૨-૦૦ કલાકે રાખવામાં આવેલ..ખાસ આ પ્રસંગે પુંજામાં ૧૧ સિંગલ તથા ૮ યુગલો એ ભાગ લીધો હતો.. મહાપ્રસાદ(ભંડારા)માં લગભગ ૫ થી ૬ હજાર ભાવિકોએ ભાગ લીધો હતો....સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પીજભાગોળ યુવક મંડળ અને નાના-મોટા સૌને અભિનંદન... **(માહિતી અને તસ્વિરઃ- કાંન્તિભાઈ મિસ્ત્રી)**

ગ્રાહક સુરક્ષા સમિતિ દ્વારા સત્યાગ્રહની ચીમકી

# લીકેજ સિલિન્ડરો ઘરો સુધી ના પહોંચે તે માટે તીવ્ર માંગ

## ગેસ લીકેજના લીધે શહેર સહિત રાજયમાં છાશવારે આગ અને અકસ્માતની ઘટના બને છે ત્યારે પગલા લેવા જોઈએ

અમદાવાદ,

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં છાશવારે ગેસ લીકેજની ઘટનાઓને લઈ ફાટી નીકળતી આગ અને અકસ્માતના બનાવોની ગંભીરતાને લઈ હવે ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ (અખિલ ભારતીય) દ્વારા આ સમગ્ર મામલાની ઝુંબેશ વધુ અસરકારક બનાવવામાં આવી છે. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે ગેસલીકેજના કારણે આગ-અકસ્માતની દુર્ઘટનાઓ નિવારવા અને જનતાની ખાસ કરીને ગૃહિણીઓ-બાળકોની સુરક્ષા માટે લીકેજ હોય એવા સિલિન્ડર લોકોના રસોડા સુધી પહોંચતા અટકાવવા સરકાર સમક્ષ ઉગ્ર માંગણી કરી છે. સમિતિના પ્રમુખ મુકેશ પરીખે વિવિધ ઓઈલ કંપનીઓને પણ આવેદનપત્ર પાઠવીને આવા લિકેજ સિલિન્ડરો ગ્રાહકોના ઘરો સુધી નહી પહોંચાડવા અને સિલિન્ડરનું વજન અને તેનું ટેસ્ટીંગ કરીને જ ગ્રાહકોને આપવા મહત્વની માંગણી કરી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ શહેરના ચંડોળા તળાવ પાસે ગેસ લિકેજના કારણે ૨૦૦થી વધુ ઝુંપડાઓ ધરાવતી આખી ઝુંપડપટ્ટી ભયાનક અને વિકરાળ આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી, જેમાં ત્રણથી વધુ લોકો દાઝયા હતા. આ અગાઉ પણ નારણપુરાના વરદાન ટાવરમાં ગેલ લિકેજના કારણે બેઝમેન્ટની દુકાનમાં લાગેલી આગમાં એક જ પરિવારના ચાર લોકો જીવતા ભડથું થઈ ગયા હતા. રાજયભરમાં છાશવારે ગેસ લિકેજના કારણે આ પ્રકારના આગ-અકસ્માતના બનાવો સર્જાતા રહે છે ત્યારે તેની ગંભીરતા ધ્યાનમાં લઈ ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર અને ગુજરાતના કનેક્શનધારક ગ્રાહકોને ઓઈલ કંપનીઓ અને ગેસ એજન્સીઓ આડેધડ લીકેજ ગેસના બાટલા સપ્લાય કરે છે. ગ્રાહકલક્ષી સરકારી પરિપત્રો અને નિયમો કાગળ ઉપર રહે છે. ઓઈલ કંપનીઓ અને ગેસ એજન્સીઓ ગ્રાહકોને ટેસ્ટીંગ કર્યા વગર લીકેજ સિલિન્ડરોનુ વેચાણ કરી અક્ષમ્ય અને ઘોર બેજવાબદારી અને બેદરકારી દર્શાવે છે. ગ્રાહકોના અને પરીવાર સાથે જીવલેણ ચેડા કરવામાં આવે છે. અત્યારસુધી દેશભરમાં હજારો ગ્રાહકોએ આગ-અકસ્માતના બનાવમાં ઘરવખરી ગુમાવી છે અને પોતાના પ્રાણ - જીવ ગુમાવ્યો છે. પરંતુ સરકાર, ઓઈલ કંપનીઓ અને ગેસ એજન્સીઓના સંચાલકો કોઈ જ બોધપાઠ લેતા નથી. તો સરકારી તંત્ર પણ કોઈ નકકર પગલાં ભરતુ નથી. સરકારના જવાબદાર અધિકારીઓ જ તેમની ફરજ અને જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવતા નથી તે આપત્તિજનક અને શરમજનક છે. ગ્રાહકોના રસોડા સુધી કોઈપણ સંજોગોમાં ઓછા વજનના અને લીકેજ સિલિન્ડર પહોચવા જોઈએ નહી. અત્યારે સરેરાશ ગેસ લીકેજની ૩૦૦ થી વધુ ફરીયાદો આવે છે. તંત્ર સમયસર પગલા ભરતુ નથી. ડીજીટલ વજનકાંટાથી બાટલો તોલીને આપવામાં આવતો નથી. ૧૪.૨૦૦ કિલોના સિલિન્ડરમાંથી ૩ થી ૪ કિલો ગેસની ચોરી કરી ગેસ કાઢી લઈને વેચાણ કરવામાં આવે છે. ૨ ના ૩ બાટલા કરવામાં આવે છે. આ સમગ્ર મામલે ઓઈલ કંપની, પુરવઠા વિભાગ અને કાનુની માપવિજ્ઞાન તંત્ર કસુરવાર છે. સમિતિના પ્રમુખ મુકેશ પરીખે વધુમાં ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, સબસીડીવાળા રૂા. ૫૦૦ ના ગેસના બાટલાનું ખુલ્લેઆમ રૂા. ૮૦૦ થી ૧૦૦૦ માં કાળાબજારમાં વેચાણ થાય છે. અનેક સ્થાપિત હિત ધરાવતા તત્વો દુકાનો અને ગોડાઉનોમાં તમામ કંપનીઓના ૫૦ થી ૧૦૦ સિલિન્ડરોનો જથ્થાનો સ્ટોક એકસપ્લોઝીવ લાયસન્સ વગર ગેરકાયદેસર રાખી વેચાણ કરે છે. તમામ ચાની કીટલી, નાસ્તાની લારીઓ અને અનેક હોટલ-રેસ્ટોરાં, ફેકટરીઓ, કારખાના-સોનીકામમાં ગ્રાહકના અધિકારના સબસીડીવાળા બાટલા કાળાબજારમાં બેરોકટોક વેચાય છે. ગેસની બોટલના કાળાબજાર બંધ કરવા સરકારે ૩ વર્ષ અગાઉ મોબાઈલ ફોન ઉપર રીફીલ બુકિંગ કર્યા બાદ ગ્રાહકના ખાતામાં જ સબસીડી જમા થાય તેવી સ્કીમ બનાવી હતી પરંતુ તેમાં પણ વ્યાપક ફરિયાદો ઉઠી છે તો, બીજીબાજુ, ગેસના બાટલાનાનું કાળાબજાર બેરોકટોક ચાલુ છે, આ સંજોગોમાં સરકારે અને ઓઈલકંપનીઓએ અસરકારક પગલાં ભરવા પડશે, નહી તો, સમિતિ જાતે સત્યાગ્રહ શરૂ કરશે.

# અમૂલ ડેરીના એમડી પદેથી કે રત્નમે ધરી દીધુ રાજીનામુ

આણંદ,

એશિયાની સૌથી મોટી ડેરી ગણાતી અમૂલ ડેરીના એમડી કે રત્નમે પોતાના પદ પરથી રાજીનામુ ધરી દેતા ખળભળાટ મચી ગયો છે. મહત્વનુ છે કે, કે રત્નમ છેલ્લા ૨૨ વર્ષથી અમૂલ ડેરીમાં કાર્યરત હતા. તેમના નેજા હેઠળ અમૂલ ડેરી એશિયાની સૌથી વધુ દૂધ ઉત્પાદક કરતી ડેરી બની હતી. જોકે આજે મળેલ બોર્ડની બેઠકમાં અમૂલ ડેરીના ચેરમેન રાવસિંહ પરમારે કે રત્નમનુ રાજીનામુ માંગી લેતા અનેક ચર્ચાઓએ જોર પકડ્યુ છે. મહત્વનુ છે કે અમૂલ ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટરમાં છેલ્લા કેટલાક સમયથી આંતરીક વિખવાદ ચાલી રહ્યો હોવાના સમાચાર પણ સામે આવ્યા હતા. બોરસદથી કોંગ્રેસના ધારાસભ્ય અને અમૂલ ડેરીના વાઈસ ચેરમેન રાજેન્દ્ર પરમારે અગાઉ કે રત્નમ પર ભ્રષ્ટાચારના આક્ષેપ લગાવ્યા હતા. જેને લઈને કે રત્નમે અમૂલ ડેરીના ચેરમેન રામસિંહ પરમારને પત્ર પણ લખ્યો હતો.

કેમ પોલીસ માટે બંધ છે તીસરી આંખ?

# હજી પણ રાજ્યના પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી બંધ

## રાજ્યના પોલીસ સ્ટેશનોમાં ૬૦૦થી વધુ સીસીટીવી કેમેરા શોભાના ગાંઠીયા સમાન હોવાનો ચોંકાવનારો ખુલાસો

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવા આદેશ કર્યા બાદ સરકારે પોલીસ સ્ટેશનોમાં કેમેરા તો લગાવી દીધા. પરંતુ રાજ્યભરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૬૦૦થી વધુ કેમેરા બંધ હાલતમાં હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. બીજીબાજુ કસ્ટોડિયલ ડેથના કિસ્સા પણ વધી રહ્યા હોવાનુ સામે આવ્યુ છે. ગુજરાત હાઈકોર્ટે કરેલા આદેશ બાદ રાજ્ય સરકારે મંથર ગતિએ રાજયના તમામ પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા તો લગાવી દીધા છે. પરંતુ કેમેરા લગાવી દીધા બાદ તેની જાળવણી કરવાનુ જાણે કે સરકાર ભૂલી ગઈ છે. રાજયના ૩૩ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં કુલ ૭૨૧૧ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પરંતુ વિવિધ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં કુલ ૭૨૧૧ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પરંતુ કેમેરા લગાવી દીધા બાદ તેની જાળવણી કરવાનુ જાણે કે સરકાર ભૂલી જ ગઈ હોય તેવુ લાગી રહ્યુ છે. રાજ્યના ૩૩ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં કુલ ૭૨૧૧ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પરંતુ વિવિધ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં ૬૮૧ સીસીટીવી કેમેરા રીપેરીંગના વાંકે બંધ હાલતમાં છે. જે પૈકી જુનાગઢમાં ૬૯ કેમેરા, પોરબંદરમાં ૫૯ કેમેરા, મુખ્યમંત્રીના હોમટાઉન રાજકોટમાં ૪૯ કેમેરા બંધ હોવાનુ સામે આવ્યુ છે. આ મામલે ગૃહમંત્રીએ બચાવ કર્યો હતો કે મેઈન્ટેનન્સના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે અને બંધ રહેલા કેમેરા સત્વરે ચાલુ કરવામાં આવશે. બીજીબાજુ કસ્ટોડિયલ ડેથના બનાવો પણ સતત વધી રહ્યા છે. એકલા અમદાવાદ જિલ્લામાં જ કસ્ટોડિયલ ડેથના ૨૮ બનાવ બન્યા છે, જેમાં ફક્ત બે કે ત્રણ કર્મચારી સામે શિક્ષાત્મક પગલા લેવાયા છે. જેથી પોલીસ સ્ટેશન ઉપરાંત સરકાર દ્વારા વિવિધ જિલ્લાના રસ્તાઓ પર પણ સીસીટીવી લગાવાયા છે. જોકે આ પૈકી કેટલાક કેમેરા શોભાના ગાંઠીયાસમાન બની રહ્યા છે.

# હવે ઈજિપ્ત કરશે જીરાની ખરીદી, ખેડૂતોને થશે લાભ

## ભારતમાં જીરાના ભાવ નીચા હોવાથી બહારના દેશના વેપારીઓ કરે છે ભારતમાંથી જીરાની ખરીદી

અમદાવાદ,

ગુજરાતમાં ચાલુ વર્ષે જીરુની વાવણીમાં ઉછાળો આવ્યો છે. ખેડૂતોએ ગત વર્ષે જીરુના ઊંચા ભાવને પગલે આ વર્ષે વાવણીમાં વધારો કર્યો છે. જેના પગલે હાલમાં ભાવ નીચા હોવા છતા તેમાં સુધારો થવાની શક્યતા છે. દેશમાં ચાલુ વર્ષે જીરુનુ બમ્પર ઉત્પાદન થવાનો અંદાજ છે. નિકાસ વેપારી વધે તેવી પણ સંભાવના છે. જીરુની ખરીદી માટે હાલમાં રાજકોટમાં ઈજિપ્તના વેપારીઓ આવ્યા છે. રાજકોટના બેડી યાર્ડ ખાતે જીરુની ક્વોલીટી તેઓએ નજરે નીહાળી હતી. આ વર્ષે ભારતના ભાવ નીચા હોવાથી જીરુની નિકાસ વધે તેવી પણ શક્યતા છે. સીરિયામાં જીરુની સીઝન મે મહિનામાં શરુ થશે. ભારતની તુલનાએ હાલમાં જીરુના ભાવ ઊંચા છે. સામાન્ય રીતે ઈજિપ્તમાં ભારતાંથી દર વર્ષે બેથી ચાર હજાર ટન જીરુની નિકાસ થાય છે. ચાલુ વર્ષે આ આંક ૬ હજાર ટને પહોંચે તેવી શક્યતા છે. સીરિયાના જીરુના ભાવ ૩ હજાર ડોલરની આસપાસ ચાલે છે. જેની તુલનાએ ભારતના જીરુના ભાવ ૨,૬૦૦ ડોલરની આસપાસ છે. જેના પગલે નિકાસ વધી શકે છે. ઈજિપ્તના વેપારીઓ છેલ્લા ૪-૫ વર્ષથી ગુજરાતમાં જીરુના વેપાર માટે આવે છે. રાજ્યમાં જીરુમાં ભેળસેળના કિસ્સાઓ વધતા હવે શાખ ખરાબ થઈ રહી છે. ગત વર્ષે ૨.૭૯ લાખ હેક્ટરમાં વાવેતર થતા ઉત્પાદન ૨.૧૨ લાખ ટન રહ્યુ હતું.

# સુરેશ શાહ હત્યા કેસમાં બે આરોપીઓની ધરપકડ કરાઈ

અમદાવાદ,

વાસણાના શિવમંદિરમાં દર્શન કરવા ગયેલ વેપારી સુરેશ શાહની હત્યા મામલે પોલીસને મોટી સફળતા મળી હતી. અમદાવાદ ક્રાઈમબ્રાંચે હત્યા કેસમાં બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.આ બન્ને આરોપીઓએ સુરેશ શાહની હત્યા પહેલા વિસ્તારની રેકી કરી હતી. આજે પોલીસે આ બન્ને આરોપી એપીએમસી માર્કેટ પાસે આવ્યા હોવાની જાણકારી મળતા બન્ને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ બન્ને આરોપીઓ સુરેન્દ્રનગરના રહેવાસી છે અને તેમણે ૫૦ લાખની સોપારી લઈને સુરેશ શાહની હત્યા કરી હતી. મળતી માહિતી મુજાબ, સુરેશ શાહ અને રાજુ શેખવા વચ્ચે ધંધાને લઈને આડવેર ચાલતુ હતું. અગાઉ સુરેશ શાહે પાલડી વિસ્તારમાં રાજુ શેખવા પર હુમલો કરાવ્યો હતો, જેમાં રાજુ શેખવાને શરીર પર ગોળી વાગી હતી, જોકે તેનો બચાવ થયો હતો. રાજુ શેખવાએ આ હુમલાની અદાવત રાખી સુરેશ શાહની હત્યા કરાવી હોવાનુ પણ માનવામાં આવી રહ્યુ છે. મહત્વનુ છે કે ૧૦ માર્ચના રોજ વાસણા ખાતે આવેલ શિવ મંદિરમાં દર્શન કરવા માટે આવેલ સુરેશ શાહની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આ મામલે આજે ક્રાઈમબ્રાંચે સુરેન્દ્રનગરના એલમ ખાન અને રફીક સુમરા નામના બે શખ્સોની ધરપકડ કરી હતી. જોકે, આ બન્ને શખ્સોએ હત્યા કરી હતી કે નહીં તેના હજી સુધી કોઈ પુરાવા મળ્યા નથી. પરંતુ સુરેશ શાહની હત્યા પહેલા આ બન્ને શખ્સોએ રેકી કરી હતી.

૬૦ કપલને ધમકી આપી તોડ કર્યાની કબૂલાત

# બાપુનગર : પોલીસના સ્વાંગમાં કપલનો તોડ કરતાં બે ઝડપાયા

અમદાવાદ,

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી હોટલોમાંથી બહાર નીકળતા કપલ કે પ્રેમીયુગલોને આંતરી નકલી પોલીસ તરીકેની ઓળખ આપી તેઓને ધમકાવી, ડરાવી તેઓની પાસેથી સારી એવી રકમનો તોડ કરતાં બે ગઠિયાઓને બાપુનગર પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે બંને આરોપીઓ વિરૂધ્ધ જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની તપાસમાં બંને આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તેઓએ અત્યારસુધીમાં આ પ્રકારે ૬૦ જેટલા કપલનો તોડ કર્યો હતો. શહેરના ઝોન-૫ની ડીસીપી સ્કવોડને બાથમી મળી હતી કે, એક રીક્ષા અને લાલ કલરના નંબરપ્લેટ વગરના એક્સેસ લઈને બે શખ્સ બાપુનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે ઉભા છે અને તેઓ હોટલમાંથી બહાર નીકળતા કપલ કે યુગલને આંતરી પોતાની ઓળખ પોલીસ તરીકે આપી તેઓનો તોડ કરી મોટી રકમ ખિસ્સામાં નાંખી રહ્યા છે, જેથી ડીસીપી સ્કવોડની ટીમના અધિકારીઓએ ગુપ્ત વોચ ગોઠવી હતી અને સમગ્ર પરિસ્થિતિ પર બાજ નજર રાખી હતી. દરમ્યાન બાતમી મુજબ, એક કપલ હોટલમાંથી નીકળ્યુ એટલે તરત જ બંને શખ્સોએ કપલને આંતરી પોતાની ઓળખ પોલીસ તરીકે આપી તેમને ધમકાવવાનું શરૂ કર્યું હતુ અને તેમનો તોડ કરવાનો પ્રયાસ કર્યો હતો, એટલામાં જ, પહેલેથી જ વોચમાં ગોઠવાયેલી પોલીસ ત્યાં આવી ગઈ હતી અને બંને આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસ તપાસમાં બંને આરોપીઓના નામ મહંમદ આસીફ અબ્દુલ રઝાક શેખ(રહે.સૈય્યદવાડી, વટવા) અને જાવેદ અબ્દુલ રસીદ સિદ્દીકી(રહે.અર્બનનગર, રખિયાલ) હોવાનું જાણવા મળ્યુ હતું. પોલીસ તપાસમાં આરોપીઓની મોડસ ઓપરેન્ડીનો પણ પર્દાફાશ થયો હતો કે, આરોપીઓ હોટલમાંથી બહાર નીકળતા કપલને રોકી તેઓને ડરાવતા ધમકાવતા હતા અને તમે હોટલમાં આવી ગંદા કામ કરો છો તો તમારા માતા-પિતા અને ઘરના લોકોને બોલાવી તમારી પર કેસ કરવો પડશે એમ બીવડાવી મોટી રકમનો તોડ કરતા હતા. પોલીસે બંને આરોપીની વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ :**
**બકુલ એ. રાવલ**

**અમદાવાદ મુખ્ય કાર્યાલય**

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

**તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.**
**Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001**